નવગુજરાત સમય, પાના નંબર :- ૦૨
તારીખ :- ૧૯।૧૨।૨૦૨૫

# મોટેરામાં આજે ક્રિકેટ મેચ માટે મેટ્રો ટ્રેન રાત્રે 12.30 સુધી દોડાવાશે

**ગાંધીનગરઃ** અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે ક્રિકેટ મેચને પગલે અમદાવાદમાં મેટ્રો ટ્રેન રાતે 10થી 12.30 વાગ્યા સુધીના લંબાવાયેલા સમય દરમિયાન પેસેન્જરો ફક્ત મોટેરા સ્ટેડિયમ, મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકશે. મોટેરાથી એપીએમસી અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામના કોઈ પણ કાર્યરત મેટ્રો સ્ટેશન પર જઈ શકાશે. ગાંધીનગર જવા માટે મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-1 સુધી રાત્રે બે વધારાની મેટ્રો ટ્રેન મધ્ય રાત્રિના 11.40 અને રાત્રે 12.10 કલાકે ઉપડશે. મેચના દિવસ માટે મોટેરા સ્ટેડિયમથી રાત્રે પરત ફરવા સ્પેશ્યલ પેપર ટિકિટનું ભાડું વ્યક્તિ દીઠ રૂ. 50 રહેશે. તેનો ઉપયોગ મોટેરા સ્ટેડિયમ અથવા સાબરમતી મેટ્રો સ્ટેશનથી અમદાવાદ મેટ્રોના બંને કોરિડોર પરના તેમજ ગાંધીનગર કોરિડોરના સેક્ટર-1 મેટ્રો સ્ટેશન સુધીના કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી કરવા માટે થઈ શકાશે. રાતના 10 પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ માટે માંત્ર સ્પેશ્યલ પેપર ટિકિટ માન્ય રહેશે. કિઓસ્ક, ટોકન વેન્ડિંગ મશીન, ટિકિટ કાઉન્ટર, મોબાઇલ એપથી અગાઉથી ખરીદેલી ટિકિટ (QR/TOKEN) રાત્રિના 10 પછી માન્ય રહેશે નહીં.